## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



હું અને તારા ઘરેણાં વેચું...? એ તો લાંબી લીઝ પર આપ્યા છે..!!

# ત્રણેય ઋતુની અસરો સાથે દિવસ ટુંકો અને રાત્રી લંબાઈ

## દિવસે તડકો, સાંજે વરસાદ અને વહેલી સવારે ઠંડીની અસરો, ઋતુ ફેરફારો સાથે દિવસ વહેલો આથમી રહ્યો છે જ્યારે રાત્રી લાંબી થતા સૂર્યોદયનો સમય બદલાયો

ગાંધીનગર, તા. ૪

વાતાવરણમાં ઝડપથી થઈ રહેલા ફેરફારો થકી માનવ શરીરને વધુ અસરો થવા પામી છે. હાલમાં ત્રણેય ઋતુઓ વારાફરતી પોતાના આગમનની જાણ કરી રહી છે. જેમાં દિવસ દરમ્યાન ઉનાળા જેવો તાપ વર્તાય છે તો સાંજે કાળા ડિબાંગ વાદળો સાથે વરસાદ વરસી જાય છે અને વહેલી સવારે ફુલગુલાબી ઠંડીનો અનુભવ થાય છે. ઉનાળા પછી ચોમાસુ અને ત્યાર બાદ શિયાળો આવતો હોય છે તેમ હાલ દિવસ ટુંકો અને રાત્રી લાંબી થઈ શિયાળા તરફ પગરવ કરી દીધા છે. જો કે આ ઋતુ ફેરફારોથી બિમારીના મંડાણ થયા છે.

જીવજંતુ અને મચ્છરજન્ય વાતાવરણ હાલ છવાઈ ગયુ છે જેથી શરદી, ખાંસી, તાવ જેવી વાયરલ બિમારીએ માથું ઉંચક્યુ છે. કોરોનાએ હાલ રાહત કરી છે ત્યારે વાતાવરણમાં થયેલા અણગમતા ફેરફારોએ બિમારીને આમંત્રણ આપ્યુ છે. હાલની સ્થિતિ મુજબ ત્રણેય ઋતુઓ પોતાનો પરચો આપી રહી છે જેમાં ઘણી વખત વરસાદ, તડકો અને ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. મેઘરાજાએ ઘણા લાંબા વિરામ બાદ ઉત્તર ગુજરાતમાં પધરામણી કરી છે. જે પણ સંતોષકારક ન રહેતા કુદરતી નિયમ મુજબ મચ્છર તથા અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે અને જે કારણે હાલ ઘેર ઘેર બિમારીના ખાટલાં ખડકાઈ ગયા છે.

વધુમાં ઋતુ બદલાવ મુજબ ધીમે ધીમે તેની અસરો જોવા મળે છે જે મુજબ હાલ દિવસ ટુંકો થઈ રહ્યો છે જ્યારે રાત્રી લાંબી થઈ સૂર્યોદયનો સમય બદલાઈ ગયો છે. વહેલી સવારે અનુભવાતી ઠંડી શિયાળાના ધીમે પગલે આગમનના અણસાર આપી રહી છે. સમી સાંજે સૂર્યાસ્ત પણ વહેલો થઈ જતાં લોકો પોતાના દિવસ દરમ્યાન ધંધા-વ્યવસાયના સમયમાં ફેરફાર કરતા થઈ ગયા છે. આમ હાલ ત્રણેય ઋતુઓએ સાથે દેખા દેતી હોય તેવો સર્વત્ર માહોલ સર્જાતા લોકો કુદરતની આ લીલાને સમજી શકતા નથી.

## ખૂણેખાંચરેથી

- આજે માહિતી ખાતાની માહિતી મદદનીશની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે.
- માહિતી ખાતાની આજની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉનાળાની બપોર પર ૩૦૦ શબ્દોમાં નિબંધ લખવાનો પ્રશ્ન પુછાયો હતો.
- નાયબ મ્યુનિ. કમિશનર દવેએ આજે વાવોલ અને કોલવડાની મુલાકાત લીધી હતી તેમજ આ બન્ને ગામોના સ્મશાનગૃહની પણ મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં વાહકજન્ય રોગચાળામાં ડેન્ગ્યુના કેસો મોટી સંખ્યામાં નોંધાતા આરોગ્યતંત્રમાં ચિંતાનો માહોલ છવાયો છે.
- ભાજપ ગાંધીનગર મહાનગરના ડૉક્ટર સેલ દ્વારા આજે સે. ૭-સી ખાતે નિદાન કેમ્પું આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સોમવારથી સતત ૩ દિવસ રાજ્યના પંચાયત વિભાગ દ્વારા ઈન્સ્પેક્શન હાથ ધરાશે.
- કલોલ તાલુકામાં વેરા વસુલાતને અસરકારક બનાવવા માટે તાલુકા ટીમે આખો રોડમેપ તૈયાર કરી અને દર માસન્તે ૮ થી ૯ ટકા વસુલાતનો લક્ષ્યાંક નિયત કર્યો છે.
- રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૪ તાલુકા કલોલ, માણસા, ચિલોડા અને દહેગામનો બૌદ્ધિક વિભાગ દ્વારા એક અભ્યાસ વર્ગનું આયોજન સે. ૭ ના ભારત માતા મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યુ છે.
- રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ગેસ કેડરના ત્રણ અધિકારીઓની બદલીના હુકમો આજે સાંજે જારી કર્યા છે.

## પાવન પર્યુષણ ત્રીજો દિવસ

### રાષ્ટ્રસંત આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ

# આત્મશુદ્ધિનું મહાપર્વ પર્યુષણ

આ યુગ એ ભૌતિક વિકાસનો યુગ છે. આ યુગમાં આધ્યાત્મિક નવિકાસ મંદ પડે છે, પણ છતાંય આપણા સૌના સદભાગ્ય આધ્યાત્મિક વિકાસના સાધનો આપણી પાસે છે જ. પર્યુષણની ઉજવણી એ આપણા આધ્યાત્મિક વિકાસની જરૂરિયાત છે.



પર્યુષણના ત્રીજા દિવસે પૌષધ વ્રત અંગેનું પ્રેરક પ્રવચન થતું હોય છે. આ પૌષધ અંક અદ્‌ભુત આત્માનું ઔષધ છે. વિશ્વમાં આજે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વધે છે. વિશ્વમાં શાંતિ માટે વાતો થાય છે. વાસ્તવિકતામાં કામ નહીં, વ્યક્તિ શ્રીમંત થાય છે, પણ સુખ કે શાંતિ નહીં. સમાજ પ્રેમમય નથી. ધર્મ પણ પોતાનો સત્વ ખોઈ બેઠો હોય તેવું લાગે છે, ત્યારે પૌષધ આ તમામ અનિષ્ટોની દવા છે. જૈન સાધુનું જીવન સંપૂર્ણ ઈકો ફ્રેન્ડલી અને સંપૂર્ણ ક્રાઈમુક્ત હોય છે. વીજળીનો યુઝ કરનાર જાણતા નથી કે વીજળી ઉત્પન્ન કરવામાં લાખો ગેલન પાણી વપરાય છે. એ પાણીના અસંખ્ય જીવો પાણીમાં રહેલા હજારો માછલાં વગેરે અધધ જીવોનો સંહાર પછી આ વીજળી પ્રાપ્ત થાય છે. શું એ જીવોની અંતતિ આપણા પર ખુનનો ગુનો નોંધાવી શકતી હોત તો ? અસ્તુ, બીજી વાત કે આજે આપણે માત્ર સ્વકેન્દ્રી બન્યા છીએ. મને પૈસા મળે, સુવિધા મળે, એ માટે હું કાંઈ પણ કરી શકુ એવી આપણી મનોવૃત્તિ છે. નિસ્વાર્થ ભાવે બીજાને સહાય કરવી એ તો જુના જમાનાની વાત થઈ ગઈ છે.

આવા વિષમ સમયમાં જૈન સાધુઓ વીજળી, વાહન જેવા કોઈપણ સાધનો વિના મોજથી જીવે છે. પ્રસન્નતાથી જીવન માણે છે. બસ, પૌષધમાં આવી જીંદગી એક દિવસ પુરતી જીવવાની હોય છે. જૈન ઉપાશ્રયમાં એક દિવસ રહી, ધોતીયું, ખેસ જેવા પારિવારિક વસ્ત્રોમાં અમુક નિશ્ચિત ધાર્મિક વિધિ, તપ, જાપ, સ્વાધ્યાય, ભક્તિના સમન્વયપૂર્વકની દિનચર્યા ખરેખર માણવા જેવી હોય છે.

પ્રારંભમાં કષ્ટમય લાગતી આ વિધિ મનની શાંતિ, શારીરિક સ્ફૂર્તિ અને આત્માની શુદ્ધિ બધું જ આપનારી છે. જો કે વર્ષ દરમ્યાન આ પૌષધ ક્યારેય પણ થઈ શકે છે. પણ સંવત્સરીએ આ પૌષધ વ્રત કરવાનો વિશેષ મહિમા હોય છે.

પૌષધ સિવાય પણ જીંદગીમાં કરવા યોગ્ય અન્ય ધર્માનુષ્ઠોનોની વાત આજના દિવસે પ્રવચનમાં કરવામાં આવે છે, તે ઉપરાંત જૈન સંઘોમાં આજે પરમ વિંધ જૈન ધર્મ ગ્રંથ શ્રી કલ્પસૂત્રના પૂજન-અર્ચન સંબંધિ કેટલાક લાભ ભાવિક ભક્તોને ચડાવો બોલીને અપાય છે.

## બાસણ ગામે જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર નજીક આવેલા બાસણ ગામે કુંડાળુ વળીને જુગાર રમતા ચાર જુગારીઓને પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૬,૩૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓ સામે જુગારધારા અને કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ડભોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન શાહપુર ચોકડી પાસે આવતા પોલીસને બાતમી મળી હતી કે બાસણ ગામે ઠાકોર વાસ ખાતે રહેતા ગલબાજી કેશાજી ઠાકોરના મકાનની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં કેટલાક વ્યકિતઓ જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા કુંડાળુ વળીને બાજી માંડીને બેઠેલા બાસણ ગામના ૬૫ વર્ષિય ગલબાજી કેશાજી ઠાકોર, ઠાકોસ વાસ ખાતે રહેતા ૭૫ વર્ષિય છગાજી બબાજી ઠાકોર, જગાજી પુંજાજી ઠાકોર (ઉં.૩૫), અને શકરાજી જેસંગજી ઠાકોર (ઉં.૪૫)ને પોલીસે પકડી પાડ્યા હતા. જો કે પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પરંતુ પોલીસે તમામ જુગારીઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસને દાવ પરથી રોકડા રૂ.૩૯૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૫,૯૬૦ મળી કુલ રૂ.૬,૩૫૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



### ન્યુ ગાંધીનગરની સોસાયટીઓમાં કોર્પોરેશન તંત્ર દ્વારા ફોગીંગની કાર્યવાહી

શહેરમાં વાહકજન્ય રોગચાળો ધીમીગતિએ અજગરી ભરડો લઈ રહ્યો છે. શહેરમાં ડેન્ગ્યું, મેલેરીયા, ચિકનગુનિયા સહિત વાઈરલ ફીવરના દર્દીઓ પણ નોંધનીય સંખ્યામાં છે. પાટનગરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી કલીનીક પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ત્યારે વાહકજન્ય રોગચાળાને કાબુમાં કરવા તંત્ર પણ દોડધામ કરી રહ્યું છે. ત્યારે ન્યું ગાંધીનગર વિસ્તારની સોસાયટીઓમાં રોગચાળો વકરે નહી તે માટે કોર્પોરેશનના તંત્ર દ્વારા ફોંગીગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## શીખ ફાઉન્ડેશન દ્વારા ધાર્મિક પુસ્તક વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

શીખ ફાઉન્ડેશનના 'બીબી જાગીર કૌર' (શિરોમણી ગુરુ દ્વારા પ્રબંધક કમિટી અમૃતસરના પ્રમુખ) દ્વારા શ્રી ગુરુ ગ્રંથ સાહિબજીના ૧૦૦ ધાર્મિક પુસ્તકોનું વિવિધ ગુરુદ્વારાઓમાં વિતરણનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરેલ છે. શીખ સમુદાય માટે આ ગ્રંથ ખૂબ પવિત્ર અને સર્વોપરી ગણાય છે. શીખ સમુદાય માટે એસજીપીસી પ્રમુખ બીબી જાગીર કૌર ૪ થી ૬ તારીખ સુધી પવિત્ર પુસ્તકોના વિતરણ માટે ગુજરાત આવી રહ્યા છે. જેમાં ગુજરાત શીખ સમુદાયને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરાશે.

# કોલવડા ચામુંડાનગર ખાતે ઢોર બાંધવાના વાડામાંથી દારૂની બાવન બોટલ મળી

કોલવડા ગામે ચામુંડાનગર ખાતે રહેણાંક મકાનની સામે ઢોર બાંધવાના વાડામાંથી વિદેશી દારૂનો જથ્થો પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે ૩૭ હજારના મુદ્દામાલ સાથે એક વ્યકિતને પકડી પાડી ત્રણ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે કોલવડા ગામે આવતા સાથે રહેલા અનિલસિંહ દલપતસિંહને બાતમી મળી હતી કે ચામુંડાનગર રહેતા કિશન કાળુભાઈ સલાટના રહેણાંક મકાનની આગળ ઢોર બાંધવાના વાડામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડી કિશન સલાટ ઘરે હાજર મળી આવતા તેને સાથે રાખીને તપાસ કરતા ઢોર બાંધવાના વાડાની અંદર વાડમાંથી પોલીસને વિદેશી દારુની ૫૨ બોટલ મળી આવી હતી. આ દારુ કોની પાસેથી અને કયારે લાવ્યો છે તેમ પુછતા શખ્સે આ મુદ્દામાલ અંગે રાકેશ કનુભાઈ સલાટ અને શકિત કનુભાઈ સલાટ (બંન્ને રહે ચામુંડાનગર કોલવડા) લાવીને ત્યાં સંતાડ્યો હતો. પોલીસે યુવકની અંગજડતી લેતા રૂ.૧૦ હજારનો ફોન, રૂ.૨૭,૦૪૦ની કિંમતનો ૫૨ બોટલ દારુ મળી કુલ રૂ.૩૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ વ્યકિત સામે પ્રોહીએક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પેથાપુર ચોકડીથી વિદેશી દારૂ ભરેલી અલ્ટો ઝડપાઈ

પેથાપુર ચોકડી પાસેથી વિદેશી દારૂ ભરેલી અલ્ટો કાર એલસીબી-૨ પોલીસે પકડી પાડી હતી. પોલીસે અલ્ટો ગાડીના ગુપ્ત ખાનામાંથી કિં.રૂ.૩૭,૬૪૦ની વિદેશી દારૂની ૬૭ બોટલ ઝડપી પાડી એક શખ્સની ધરપકડ કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા એએસઆઈ કેવલસિંહ અનોપસિંહને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે બાતમીવાળી સફેદ કલરની અલ્ટો ગાડી નં.જી.જે.૦૯. બી.એફ.૩૫૫૭ ને ઉભી રખાવી હતી. પોલીસે કાર ચાલકનું નામ પુછતા તેણે દેવેન્દ્રકુમાર ઉર્ફે બંટી રણજીતસિંગ સોલંકી (રહે.ગામ દહેરી તા, બામણવાસ જી, સવાઈ માધોપુર) જણાવ્યું હતું. પોલીસે ગાડીમાં તપાસ કરતા તેની અંદર તૈયાર કરેલા ગુપ્ત ખાનામાંથી પોલીસે વિવિધ વિદેશી દારૂની ૬૭ બોટલ પકડી પાડી હતી.



### સરગાસણ પાસે વેગન-આર કાર ગુલાટી ખાઈ ગઈ

શહેરના ચકાચક માર્ગો પર વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે. ગતિ નિયંત્રણના નિયમો નેવે મુકી વાહન ચાલકો ધુમ સ્પીડે વાહનો દોડાવે છે. ત્યારે આજે બપોરના સુમારે સરગાસણ થી અડાલજ તરફ જવાના માર્ગ પર પુર ઝડપે આવી રહેલી વેગન આર ગાડી નં. જી.જે.૧૮.બી.ઈ.-૦૬૬૨ના ચાલકે ગફલતભરી રીતે કાર હંકારતા કાર ડિવાઈડર સાથે અથડાઈને હવામાં ફંગોળાઈને ઝાડ સાથે ટકરાઈ હતી. તે સમયે ફિલ્મી દ્રશ્યોની જેમ કારના કાચમાંથી કાર ચાલક બહાર ફેકાયો હતો. આ અકસ્માતમાં ગાડીનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. જયારે અકસ્માત જોવા માટે સ્થાનિક નાગરીકો અને વાહન ચાલકો એકઠા થઈ ગયા હતા. અકસ્માતને પગલે થોડીવાર માટે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.


ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૧-૨૨
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવ મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૧૯/૨૦૨૧-૨૨ | Providing and laying Sewerage Network in TP Scheme- 409A, 409B, 74 Part, 234 & 69 Part of GMC Area. | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૨૧,૪૬,૭૨,૯૭૬/- |
| ૨૦/૨૦૨૧-૨૨ | Construction of SPS with Electrical & Mechanical Work including O & M for 2 years for FP-316 of TP-69 of GMC Area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૧૯,૪૫,૪૯,૨૪૭/- |
| ૨૧/૨૦૨૧-૨૨ | Providing and laying Sewerage Network in TP Scheme- 61, 62, 63 & 57 Part of GMC Area | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૮,૪૩,૧૫,૪૯૪/- |
| ૨૨/૨૦૨૧-૨૨ | Construction of SPS with Electrical & Mechanical Work including O & M for 2 Years for FP-60 of TP-62 of GMC Area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૨૦,૨૨,૫૨,૧૩૩/- |

ટેન્ડર ફોર્મ તા. ૬/૯/૨૦૨૧ થી તા. ૨૭/૯/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરના નામે તા. ૨૮/૯/૨૦૨૧ થી ૪/૧૦/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૫/૧૦/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૦૧૨/૨૧-૨૨



ટુંકી જાહેર નિવિદા : ૧૫/૨૦૨૧-૨૨૨
**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ**
GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION
ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)
ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૪, ત્રીજો માળ, ઘ-રોડ
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન નં: ૨૩૨૫૦૬૩૨૨, ૩૪ થી ૨૩૨૫૦૬૩૭ ફેક્સ નં.:૨૩૨૫૦૭૦૭

(૧) નિગમની ઉધોગ ભવન, ગાંધીનગર, ખાતેની વડી કચેરીએ અથવા ગાંધીનગર, ખા તે કોઈપણ સ્થાને ચાર્જ સંભાળતા ઈજનેરના દિશાસુચન મુજબ વાઈ-ફાઈ રાઉટર્સ, નેટવર્ક સ્વીચો, એચડીએમઆઈ, ડીવીઆઈ અને વીજીએ કન્વર્ટર, યુએસબી અને પાવર કેબલ્સ ની સપ્લાય અને વીજીએ, એચડીએમઆઈ કેબલ્સ, મલ્ટિ-મોડ ઓએફસી, આરજે -૪૫, આઈ.ઓ. સોકેટ, પેચ પેનલ ની આઈટી નેટવર્ક અને તમામ એસેસરીઝ માટે પુરા પાડવા, સ્થાપના અને કાર્યરત કરી આપવા સાથેના કામના વાર્ષિક કરાર બાબતે અનુલવી વિક્રેતા/ઈજારદાર પાસેથી સીલબંધ કવર માટેનાં ટેન્ડરો બાબત.

**આ કમોની અંદાજીત રકમ અનુકમે** રૂ. ૧૭૩૮૧૯/- છે.
**ઈ.એમ.ડી.ની રકમ** રૂ. ૧૭૩૮/-
**ટેન્ડર ફી** રૂ. ૬૦૦ + રૂ. ૧૦૮ (જી.એસ.ટી. ૧૮%) = રૂ.૭૦૮/-

**અ અગેના કોરા ટેન્ડરો ઈશ્યુ કરવાની છેલ્લી તારીખ : ૦૪/૦૯/૨૦૨૧ થી ૧૩/૦૯/૨૦૨૧ (રજાના દિવસ સિવાય) સુધી સવારે ૧૧.૦૦ થી ૧૫-૩૦ કલાક દરમ્યાન.**

**ભાવ ભરેલ ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તા. ૧૫/૯/૨૦૨૧ના-રોજ-૧૮:૦૦ કલાક સુધીની રહેશે.**

**ભાવ ભરેલ ટેન્ડરો ખોલવાની છેલ્લી તા.૧૬/૦૯/૨૦૨૧ ના રોજ ૧૨.૦૦ કલાકે રહેશે.**

અનુ.નં.૧ ટેન્ડર માટે ના જરૂરી દસ્તાવેજો જેવા કે, જી.એસ.ટી રજીસ?ટ્રેશનું પ્રમાણપત્ર, ઈ.પી.એફ.ઓ નું માન્ય રજીસ્ટ્રેશન અને અધતન ચલણ, નેટવર્ક ઉપકરણો માટે મૂળ ઉત્પાદક ઉપકરણો (OEM) પાસેથી વેચાણ / સેવા પ્રદાતા માટે અધિકૃતતાનો પત્ર અથવા OEM ની અધિકૃત સેવા પ્રદાતાની પેટા વેચાણ / સેવા પ્રદાતા નો પત્ર, અને પાનકાર્ડ, અધતન આવકવેરા રીટર્ન, વાર્ષિક રૂ. ૧,૭૩,૮૧૯/- કે તેથી વધુ ટર્નઓવરનું પાછલા પાંચ વર્ષનું સી.એ. સર્ટીફીકેટ તથા આવા જ કામના ઓછા માં ઓછા ૫ વર્ષના સમાન પ્રકારના કામનો અનુભવના પુરાવા જેમાંથી એક એવું જ કામ કે જેની રકમ રૂ. ૧,૩૯,૦૫૫/- જેટલી અથવા બે એવું જ કામ કે જેની રકમ રૂ. ૮૬,૯૧૦/- અથવા ત્રણ એવું જ કામ કે જેની રકમ રૂ. ૬૯,૫૨૮/- જેટલી તેનાથી વધુ હોવી જોઈએ. તેમજ રૂ.૩૪,૭૬૯/- કે તેથી વધુની ચાલુ વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવન્સી રજુ કર્યેથી આધિક્ષક ઈજનેરશ્રી (યાં/વિ), ની ઉક્ત સ્થળે આવેલ કચેરીએ થી આપવામાં આવશે.

ઉક્ત ટેન્ડસે ફક્ત રજીસ્ટર એ-ડી/સ્પીડ પોસ્ટ થી સીલ બંધ કરવા માં જ સ્વાકારવામાં આવશે. વધુ માહિતી માટે વેબસાઈટ www.gidc.gov.in અને www.statetenders.com પરથી તેમજ ઉપરોક્ત સરનામે કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

સહિ/-
અધિક્ષક ઈજનેર (યાં/વિ)
જીઆઈડીસી, ગાંધીનગર

માહિતી/૧૦૧૯/૨૧-૨૨





**"પી.એમ.જે.એ.વાય-મા" યોજના**



માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે વર્ષ ૨૦૧૨માં કેન્સર, હૃદયરોગ, કિડની જેવા ગંભીર રોગો માટે ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને તમામ આરોગ્ય સેવાઓ વિનામૂલ્યે મળી રહે તે માટે "મા" યોજનાની શરૂઆત કરી હતી. જેનો આજે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની નેતૃત્વવાળી સરકાર દ્વારા સફળતાપૂર્વક "મા" યોજનાનો ૧૦માં વર્ષ માં પ્રવેશ થયેલ છે.

અત્યાર સુધી ગુજરાત રાજયમાં "પી.એમ.જે.એ.વાય - મા" યોજના અંતર્ગત ૩૫ લાખથી વધુ દર્દીઓએ લાભ લીધેલ છે. જેની સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકાર - ભારત સરકારે ઉપાડેલ છે અને આ રીતે ૩૫ લાખ દર્દીઓ માટે રૂ. ૫૨૨૨ કરોડની માતબર રકમનો ખર્ચ કરી ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને આશીર્વાદરૂપ આ યોજનાનો લાભ મળેલ છે.

**નાયબ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ અત્યાર સુધી** લગભગ ૪ કરોડ નાગરિકોને ૧૮૭૨ સરકારી અને ૬૦૬ ખાનગી એમ મળી કુલ ૨૪૭૮ હોસ્પિટલોમાં કેન્સર, હૃદયરોગ, કિડની જેવા ગંભીર રોગો તથા ઓર્થોપેડિક સર્જરી, જોઈન્ટ રિપ્લેસમેન્ટ, ન્યુરોસર્જરી, ડાયાલિસિસ વગેરે જેવી અનેક પ્રકારની સારવાર વિનામૂલ્યે કરવામાં આવી રહેલ છે. આ યોજનામાં વધુમાં વધુ હોસ્પિટલ જોડાય અને દર્દીઓને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે માટે આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સતત કાર્યરત છે.

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ માટે માનવતાવાળી અને લાખો દર્દીઓના જીવન બચાવવામાં ઉપયોગી એવી આશીર્વાદરૂપ યોજના સમગ્ર દેશમાં અમલમાં મુકેલ છે તે બદલ તેઓશ્રીને ખૂબ ખૂબ અભિનંદન સહ આભાર.

**નાગરિકોને પોતાના સ્વાસ્થ્યના રક્ષણ માટે રૂ.પાંચ લાખ સુધીના ખર્ચની વિનામૂલ્યે સારવાર મેળવવા માટે "પી.એમ.જે.એ.વાય.- મા" કાર્ડ કઢાવી, જરૂર પડે ઉપયોગ કરે તથા પોતાના કિંમતી જીવનનું રક્ષણ કરે એવી આશા રાખું છું.**

**શ્રી નીતિનભાઈ પટેલ**
**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**